# <u>મોડાસાના મહે. નામદાર ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ</u>
# <u>શ્રી પી.ડી. જેઠવા સાહેબની કોર્ટમાં, મુ.મોડાસા</u>

**<u>ફોજદારી કેસ નં.૧૪૮/૨૦૨૬</u>**

**આંક–**

**ફરીયાદી** : શ્રીસરકાર.

**વિરૂદ્ધ :–**

**આરોપી :** શીવરાજભાઈ ઉર્ફે શીવા માતાદિન મંગલસીગ સીસોદીયા , ઉ.વ.૨૯
હાલ રહે. શીવમ હોસ્પિટલ પાસે શ્રીજી અમુલ પાર્લર જતીનભાઈ
અરવિદભાઈ પટેલના ઘરે ગામ ગાંભોઈ તા.હિમતનગર
જી.સાબરકાંઠા મુળ રહે. લક્ષ્મણપુરા તા.અંબાહ
જી.મુરૈન (મધ્યપ્રદેશ)

----------------------------------------------------------------

ગુનો:–ઈ.પી.કો.ની.કલમ:૩૦૭,૪૩૬,૧૨૦બી, તથા પબ્લીક
ડેમેજ એકટ કલમ:૩,૭ મુજબ

----------------------------------------------------------------

**–:(<u>કમિટલ હુકમ</u>):–**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે,

(૧) આ કામના ફરીયાદીએ હાલના આરોપી વિરૂધ્ધ મોડાસા રૂરલ પો.સ્ટે.ફર્સ્ટ . ૦૧ ૦૪/૨૦૧૭ થી આપેલ ફરીયાદ આરોપીએ કોલમ નં.૧ તથા ૨ મા જણાવેલ આરોપીઓએ તા.૧૬/૧૧/૧૭ ના કલાક.૩/૩૦ વાગ્યાના સુમારે મોજે વાંટડા ટોલટેકસ ઉપર અગાઉ આ કામના કોલમ નંબર.૨ મા જણાવેલ અગાઉ પકડાયેલ આ. નં.૧ નાઓ વાંટડા ટોલટેકસ ખાતે રીધ્ધિસિધ્ધી નામની કંપનીમા રસોઈયા તરીકે કામ કરતો હોય માથાકુટ થતા કંપનીમાથી કાઢી મુકેલ જેની આ કામના આરોપીએ અદાવત રાખી આ કામના બીજા આરોપીઓને વાત કરી પુર્વ આયોજીત કાવતરુ રચી ચારેય આરોપીઓ અલગ અલગ મો.સા. ઉપર આવી ટોલ નાકા ના બુથ નંબર.૬ ઉપર ફરજ બજાવતા ફરીયાદી ઉપર પ્લાસ્ટીકની બોટલમા ભરેલ પેટ્રોલ છાંટી દિવાસળી સળગાવી ઉપર નાખી મારી નાખવાની કોશીક કરી તથા (લાઈન નંબર ૭ ) બુથ નંબર ૮ મા પેટ્રોલ છાંટી આગ સળગાવી નુકશાન

કરી ગુન્હાહીત કાવત્રુ રચી ગુન્હો કર્યા વિગેરે તે મુજબની ફરીયાદ ફરીયાદીએ હાલના આરોપી સામે દાખલ કરેલી.

ઉપર મુજબની ફરીયાદના કામે આ કામના તપાસ કરનાર અમલદારે સાહેદોના નિવેદનો લઈ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી, મુદ્દામાલ કબજે કરી, તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ઈ.પી.કો.ની.કલમ:૩૦૭,૪૩૬,૧૨૦બી, તથા પબ્લીક ડેમેજ એકટ કલમ:૩,૭ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડયા બાદ આંક. ૦૮ પ્લી રેકર્ડ કરવામાં આવેલ.જેમાં આરોપીઓ નામદાર સેશન્સ કોર્ટ રુબરુની કાર્યવાહીમાં પોતનાં સ્વખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગે છે તેવુ જણાવેલ છે

(૩) આ કામે ત.ક.અ.એ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ની.કલમ:૩૦૭,૪૩૬,૧૨૦બી, તથા પબ્લીક ડેમેજ એકટ કલમ:૩,૭ મુજબની સજાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે અને ઉપરોકત મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ કોર્ટને હોય સદરહુ કામ નામદાર સેશન્સ કોર્ટ,મોડાસા તરફ કમીટ કરવા નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–::(હુકમ)::–</u>**

| | |
|---|---|
| // | આ કામનાં આરોપી સામેનો કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ અન્વયે, નામ.સેશન્સ અદાલત,મોડાસા તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે. |
| // | સદરહુ કેસનું તમામ રેકર્ડ,પ્રોસીડીંગ્સ તથા મુદ્દામાલ સાથે નામ.સેશન્સ અદાલત, મોડાસા સમક્ષ મોકલી આપવું. |
| // | આ હૂકમની જાણ સંબંધિત મોડાસાનાં વિધ્વાન જિલ્લા સરકારી વકીલશ્રીને કરવી |

આ હુકમ આજરોજ તા.૨૪/૦૩/૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(પી.ડી.જેઠવા )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
જજ કોડ– જીજે–૦૦૯૦૧

તા.૨૪/૦૩/૨૬
મુ.મોડાસા

ડી.આર.પટેલ પી.એ.